

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ રચિત

અવતાર તેમજ અવતારીની દિવ્ય ચિત્રપ્રતિમા

આ મહાપ્રસાદીની મૂર્તિ શ્રી પરમધામ સ્મૃતિ મંદિર - જૂનાગઢમાં પ્રતિષ્ઠિત છે.



● કુંકાવાવ ગામમાં આ ઘરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજનું પ્રાગટય થતુ હતું.
હાલમાં આ પ્રસાદીના જન્મસ્થાન પર સ્વામીશ્રીનું સુંદર મંદિર છે.



● કુંકાવાવ ગામમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના શિખરબધ્ધ બ્રહ્મપેલેસ મંદિરમાં
''શ્રીબાલકૃષ્ણપ્રભુ -પિતા ગોપાલકૃષ્ણ -માતા કંભરાલક્ષ્મી'' પંચધાતુની મૂર્તિ પધરાવી છે.



સંતદિક્ષા લીધા બાદ
જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના
વડિલ સદ્‌ગુરૂ સંતોના આશીર્વાદ લેતા
શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શનની સૌપ્રથમ પ્રતિમા

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાની બાલ્યાવસ્થાના ૧૨ વર્ષ જન્મભૂમિ કુંકાવાવમાં વ્યતિત કર્યાબાદ ગૃહત્યાગ કરી સૌપ્રથમ જેતપુર મંદિરમાં આવી સદ્‌ગુરૂ શ્રીબાલમુકંદદાસજી સ્વામી પાસે કંઠી મંત્ર ધારણ કરી તેમને ગુરૂ બનાવી ''સ્વામિનારાયણ ધર્મ''નો સ્વીકાર કર્યો.

ત્યારબાદ ૪ વર્ષ પાર્ષદમાં રહી સમય જતા તા.૪-૧૧-૧૯૨૦ ના કાર્તિક સુદ ૧૧ ના શુભ દિવસે વડતાલ દેશના આચાર્ય પૂ.શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ પાસે ગઢપુરમાં ભાગવતી સંતદિક્ષા ગ્રહણ કર્યાબાદ મુળનામ કુંવરજીમાંથી ''સ્વામી શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી'' નામથી પ્રસિધ્ધ થયા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વ્યાસપીઠ પર પ્રથમ કથાના વક્તાસ્વરૂપે દર્શન



શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ જન્મભૂમી કુંકાવાવ ગામની પાઠશાળામાં ધોરણ ૬ સુધી ગુજરાતી ભણ્યા હતા. ત્યારબાદ માતાપિતાના ''બેટા ખૂબ ભણજે'' એવા આશીર્વાદ પ્રાપ્ત કરીને બાર વર્ષની નાની ઉમરે ગૃહત્યાગ કરીને જેતપુરના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં આવીને સદ્‌ગુરૂ શ્રીબાલમુકુંદદાસજીસ્વામી પાસે કંઠીમંત્ર લઈ તેમને ગુરૂ બનાવી ત્યાં મંદિરમાં રહ્યા.

મહારાજે સંસ્કૃતનો પ્રાથમિક અભ્યાસ ઈ.સ.૧૯૧૬ થી ૧૯૨૦ સુધી જેતપુર તેમજ જૂનાગઢ ની સંસ્કૃત પાઠશાળામાં કર્યો હતો.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના જીવનમાં સૌપ્રથમ કથા સોળવર્ષની નાની ઉમરમાં જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના શ્રીગુણાતિતાનંદસ્વામીના સભામંડપમાં ઈ.સ. ૧૯૨૧ જેઠ સુદ ૧૧ ના મહોત્સવમાં શ્રીરાધારમણદેવ-શ્રીહરિકૃષ્ણમહારાજ આદિક દેવો, અનેક સંતો તેમજ હરિભકતોની સમક્ષ શ્રીમદ્‌ સત્સંગીજીવનની કથા સંસ્કૃત, ગુજરાતીમાં સૌપ્રથમ વાંચેલી.

મહારાજની યુવાન અવસ્થા, મધુરકંઠ, શ્લોકબોલવાની પધ્ધતી, પદ અને વાકયની સ્પષ્ટતાપૂર્વક શુધ્ધ ગુજરાતી ભાષાંતર કરવાની વિશિષ્ટ શૈલી વગેરે સર્વશ્રેષ્ઠ અદ્‌ભુત ગુણોથી પ્રભાવિત થયેલા અનેક વડીલ વિદ્વાન સદ્‌ગુરૂ સંતોએ મહારાજનું વિશેષ સન્માન તેમજ પુજન કરીને ''શાસ્ત્રી'' પદવી અર્પણ કરી. ત્યારબાદ મહારાજ સંપ્રદાયમાં ''શાસ્ત્રી સ્વામીશ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી'' તેમજ ''મોટા શાસ્ત્રીજી મહારાજ'' આદિક નામોથી પ્રસિધ્ધીને પામ્યા. તેમજ તેમના શિષ્ય ભકતો તેમને ''મહારાજ અને પ્રગટ ભગવાન'' એવા શુભ નામથી સંબોધતા...





નિત્ય પ્રાતઃકાળે બ્રાહ્મમુહુર્ત માં દાતણ કરતા, સ્નાન કરતા તેમજ વસ્ત્ર ધારણ કરતા મહારાજના દર્શન...

શરીરની સ્નાન આદિથી શુદ્ધિ, વાણીમાં સત્ય દ્વારા પવિત્રતા, મનથી ખરાબ સંકલ્પ જ ન કરવા આ ત્રાણેય પ્રકારની શુદ્ધિનું શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ કાયમ પાલન કરતા.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રાતઃકાળે બ્રાહ્મમુહુર્તમાં સ્નાનાદિકથી પરવારી સ્વયં ઠાકોરજીની મૂર્તિનો અભિષેક કરી ષોડશોપચાર વડે પુજા કરતા.

મહારાજની આજ્ઞાથી તેમના શ્રીહરિશરણાગતિમંડળના ભકતો પોતાના ઘરે ''પંચધાતુની શ્રીબાલકૃષ્ણ પ્રભુની મૂર્તિ'' રાખી પ્રેમભાવપૂર્વક નિત્ય સેવા પુજા તેમજ ભકિત પાઠ કરે છે.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ નિત્ય પુજામાં ભગવાનની મૂર્તિને પુષ્પહાર પહેરાવી ષોડશોપચારથી વિધીપૂર્વક પુજન કરતા તેમજ થાળ ધરાવી - જળપાન કરાવતા.

આ રીતે ભગવાનની સેવાપૂજા કરવી, એવું પોતાના શિષ્યો ભકતો ને શિખવતા.





● ચંદનયુકત તિલક તેમજ કુમકુમયુકત ચાંદલો એ ભગવાનની શરણાગતિનું પ્રતિક છે, માટે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હરિભકતોને હંમેશા તિલક ચાંદલો કરવાની પ્રેરણા આપતા...



● પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં ''જ્ઞાનવિજ્ઞાનથી ભરપુર સર્વ શાસ્ત્રોના સારરૂપ - સંસ્કૃત, હિન્દી, ગુજરાતી આદિક ભાષામાં ૫૭ જેટલા સર્વજીવ હિતાવહ સર્વશ્રેષ્ઠ કલ્યાણકારી શાસ્ત્રોની રચના કરી છે.''

માટે ભારત દેશના ગૌરવ અને ભારતીય દેવભાષા સંસ્કૃત તેમજ સંસ્કૃતિના ઉધ્ધારક સમા આવા અદ્‌ભુત શાસ્ત્રોથી પ્રભાવિત થયેલા દેશ-વિદેશના અનેક વિદ્વાન પંડિતોએ તેમજ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ પણ મહારાજને ભગવાન શ્રી વેદવ્યાસ પછીના દ્વિતિય વ્યાસ માની જાણે સર્વેના કલ્યાણ માટે સ્વયં પરમેશ્વર પધાર્યા હોય એમ માન્ય કર્યુ છે.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ હંમેશા સ્વાદ રહીત સાત્વીક આહાર કરનારા હતા. પણ છતાય ઘણીવાર ભકતોના આગ્રહને માન આપીને પણ સ્વાદયુકત મહાપ્રસાદ ગ્રહણ કરતા એ તેમનું ભકતવત્સલપણું સાબિત કરે છે. તેમજ મહારાજ ભગવાન તેમજ શાસ્ત્રસંબંધી ક્રિયા વિના એકક્ષણ માત્રનો પણ સમય નકકામો પસાર નહી નિર્ગમન કરનારા હતા.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને કાશી-વારાણસીના અનેક વિદ્વાન પંડીતોએ મળીને તા.૯-૫-૧૯૭૦ ના રોજ કાશી-વારાણસીની સાર્વભૌમ સંસ્કૃત પ્રચાર કાર્યાલયમાં ''વૈષ્ણવવિદ્વતસાર્વભૌમ''(સંતો અને વિદ્વાનોમાં સર્વશ્રેષ્ઠ)ની સંસ્કૃતની સર્વશ્રેષ્ઠ પદવી અર્પણ કરી તેમનું વિશેષ સન્માન-પુજન કર્યુ હતું.

અનેક મહાધર્મગ્રંથોની રચના કરવા બદલ દેશ-વિદેશના અનેક વિદ્વાનોએ આ પૃથ્વી પર ભગવાન વેદવ્યાસ પછીના દ્વિતિય વ્યાસ ''શ્રીશ્વેતાયનવ્યાસ'' તેમજ વિશ્વવિભૂતિ, ભારતીય વિભૂતિ, રાષ્ટ્રીય વિભૂતિ, ભારતાલંકાર, ભારતવિભુષણ, ભારતમહારત્ન તેમજ દૈવી પરમપુરૂષ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીને પ્રગટ ભગવાન માનતા હતા અને હંમેશા તેમના પ્રત્યે પુજ્યભાવ ધરાવતા હતા.



● વિદ્યાભૂમિ કાશીક્ષેત્રના અનેક વિદ્વાન પંડિતો ઉદ્ધવ સંપ્રદાયના સહજાનંદસ્વામી એ ''શ્રીસ્વામિનારાયણ'' સ્વયં ભગવાન જ છે, એ માનતા ન હતા.

માટે સંપ્રદાયના અનેક વિદ્વાન સંતોમાં માત્ર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે કાશીક્ષેત્રમાં અનેક વિદ્વાન પંડિતોની વિશાળ મહાસભા બોલાવીને તેમાં શાસ્ત્રાર્થ દ્વારા વેદ-પુરાણ તેમજ ઉપનિષદ્ના માધ્યમથી ''શ્રી સ્વામિનારાયણ'' એ સ્વયં ભગવાન જ છે તેમજ તેમનો સિધ્ધાંત અને સંપ્રદાય કલ્યાણકારી છે, એ સાબિત કરી બતાવીને વિદ્વાનોની મહાસભામાં મહાવિજય પ્રાપ્ત કરીને અનેકવાર વિશેષ સન્માનો તેમજ અભિનંદનો પ્રાપ્ત કરીને સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાયનો સંતો-ભકતોને પોતાનો ઋણી બનાવ્યો છે.



● શ્રીસ્વામિનારાયણ મંદિર જૂનાગઢમાં બિરાજમાન શ્રીરાધારમણદેવ-હરિકૃષ્ણમહારાજ, શ્રીરણછોડત્રિકમરાયજી, શ્રીસિધ્ધેશ્વરમહાદેવ, શ્રીઘનશ્યામમહારાજ તેમજ શ્રીવિઘ્નવિનાયકદેવ, શ્રીકષ્ટભંજનદેવ આદિક મૂર્તિના દર્શન માટે નિત્ય સવાર-સાંજ આરતીના સમયે મંદિર પર જ્યારે પણ પધારતા ત્યારે અનેક સંતો અને હરિભકતોનો સમુહ મહારાજના દર્શન કરી ચરણસ્પર્શ કરી આશીર્વાદ પ્રાપ્ત કરતા.

મહારાજને પોતાના દેહનું, જ્ઞાનનું, ભવનનું તેમજ પાંડિત્યનું આદિક કોઈપણ પ્રકારના અહંપણુ અને મમત્વપણુ જીવનભર નહોતું.







● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મન, વાણી અને શરીરથી એકજ રૂપવાળા અર્થાત જેવું મનમાં એવું જ વાણીમાં અને એવીજ ક્રિયા કરનાર હતા, પરંતુ મનમાં કંઈક હોય, બોલે કંઈક અને ક્રિયા કરે કંઈક એવા નહોતા. ટૂંકમાં જેવી વાણી તેવું જ વર્તન રાખનારા પરંતુ દંભે કરીને બીજાને ઠગનારા નહોતા.

તેમજ દરેક જીવપ્રાણી ઉપર દયાવાળા અને પરનું દુઃખ દેખીને દુઃખી થનારા હતા.

મહારાજના શરીર પર કોઈ જીવજંતુ ડંખ મારે તો પણ તેઓ તેને ઉડાડતા કે મારતા ન હતા તેમજ એક તણખલાને પણ નુકશાન ન પહોચાડતા એવા દયાળુ હતા.

મહારાજ દેહાદિકના તમામ સુખદુઃખને સહન કરનારા, બીજાના ગુણોમાં દોષ નહી જોનારા તેમજ પોતાના સમાન બીજાનો ઉત્કર્ષ સહન ન કરી શકે તે ઈર્ષા તેના અભાવવાળા આવા મહાન સદ્‌ગુણની મૂર્તિ સમાન હતા.

● પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની વાણી અમૃત જેવી અતિ મીઠાશ ભરેલી હતી.

તેઓ જ્યારે પણ પ્રવચન કરતા હોય ત્યારે તેમની જ્ઞાન-વિજ્ઞાનના રહસ્યોથી ભરપુર મીઠી વાણીથી તમામ શ્રોતાજનોના મન સ્થિર થઈ જતા અને સાથે દરેક શ્રોતાજનોના મનમાં ઉપજતા અનેક પ્રશ્નોના સમાધાન પણ થઈ જતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ માત્ર સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી જ ભાષાના જાણકાર ન હતા, એ સિવાય પણ તેઓ અંગ્રેજી, મરાઠી, ઉર્દુ આવી અનેક ભાષાના પણ જાણકાર હતા. માટે જ મહારાજની મુલાકાતે આવનાર વ્યકિત જે ભાષા જાણતી હોય તે જ ભાષામાં વાર્તાલાપ કરતા. તેમજ અનેક સભાઓમાં પણ સમય સંજોગ પ્રમાણે વિવિધ ભાષામાં પ્રવચન પણ આપતા.

આવા અદ્‌ભુત દર્શન મહારાજમાં અનેક સંતો તેમજ હરિભકતોએ પણ કર્યા હતા.







● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સ્વયં ''અનેક બ્રાહ્મણો તેમજ સંતોને પણ સંસ્કૃત ભણાવીને'' સારા વિદ્વાન તેમજ વકતા બનાવીને સ્વયં તેમનું પૂજન આરતી કરીને વિશેષ સન્માન કર્યુ છે.





● જૂનાગઢના મંદિરમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આસને દિવસભર તેમના દર્શન પૂજન અને આરતીનો લાભ લેવા સંતો-હરિભકતોનો પ્રવાહ સતત ચાલુ રહેતો હતો.



હેમંતભગત સ્વયંપ્રકાશસ્વામી શાસ્ત્રીજી મહારાજ આત્મપ્રકાશસ્વામી દેવપ્રકાશસ્વામી.

● ‘‘શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના સંત મંડળ સાથે સત્સંગ પ્રચારાર્થે જે કોઈપણ ગામડાઓ કે શહેરોમાં જતા તો ત્યાના ભકતો અનેક પુષ્પહારો થી તેમનું વિશેષ સન્માન પુજન કરી ધન્યતાનો અનુભવ કરતા.

મહારાજ કયારેય કોઈથી ડરતા નહી, હંમેશા નિર્ભય રહેતા તેમજ પોતાના શિષ્ય ભકતોને પણ નિર્ભય રાખતા.

તેમજ મહારાજ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માન, આ છ શત્રુઓને જીતીને તેનાથી પરાભવને નહી પામનારા હતા.





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની આ પ્રતિમામાં
તેમના ઉદર પર ''ત્રિવલી રેખા''ના દર્શન થઈ રહ્યા છે.

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં વિદ્વતા-સુંદરતા અને સુદ્‌ગુણતાનો ત્રિવેણી સંગમ હતો. જેના પ્રતિકરૂપે તેમના ઉદર પર સ્પષ્ટ ત્રિવલી રેખાના પણ દર્શન થતા. તેમજ મહારાજના ડાબા સાથળમાં ખાપાનું અને લક્ષ્મીજીનું ચિહ્ન હતું. ઉપરાંત તેમના પગમાં બહારના ભાગમાં ત્રણ ત્રણ ઘૂંટીઓ પણ હતી.

અનેક હરિભકતોએ મહારાજના દિવ્યદેહમાં આ ચિહ્નના સાક્ષાત દર્શન કરેલા.

(ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્યદેહ પર આમાનાં અનેક ચિહ્નો હતા, માટે જ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્વયંશ્રીહરિની અનુભૂતિ અનેક હરિભકતોને થાતી હતી.)



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં અજોડ વિદ્વતા, અતિ તેજસ્વીતા અને સર્વગુણ સંપન્નતા આવો અદ્‌ભુત ત્રિવેણી સંગમ જોઈને તેમજ મહારાજે કરેલા અનેક કલ્યાણકારી સત્કાર્ય ઉપરાંત જ્ઞાનવિજ્ઞાનથી ભરપુર સર્વશ્રેષ્ઠ સંસ્કૃત શાસ્ત્રોની રચના કરીને જે ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિની મહાન સેવા કરી છે. તે બદલ દેશ-વિદેશના અનેક વિદ્વાનો, પંડિતો, સંતો, મહંતો, મહામંડલેશ્વરો, ધર્મગુરૂઓ, આચાર્યો, રાજકીય મહાનુભાવો તેમજ અનેક યુનિવર્સીટીના સંચાલકશ્રીમાં કોઈએ પત્ર દ્વારા તો કોઈએ રૂબરૂ મળીને મહારાજને અભિનંદન પત્ર અર્પણ કરીને વિદ્વનો દ્વારા સમર્પિત વિશેષ સન્માન-પુજન કરીને આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો છે.

''અભિનંદન ગ્રંથ'' માં સર્વ વિદ્વાન પંડીતોના પત્રો મુકવામાં આવ્યા છે.



મહારાજના આ સ્વરૂપમાં આજાનબાહુના દર્શન થઈ રહ્યા છે.

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સર્વ કુંડલીની જાગૃતિ સાથે અષ્ટાંગયોગ સિધ્ધ કર્યો હતો, માટે જ ઘણીવાર તેઓ એક સમર્થ યોગીની જેમ સમાધિ અવસ્થામાં બેસી, બીજા દિવ્ય સ્વરૂપે દેશ-વિદેશમાં વસતા પોતાના શિષ્ય ભકતોને દર્શન આપી મુશ્કેલીના સમયમાં તેમની રક્ષા કરતા.

તેમજ મહારાજમાં ભગવાનપણાની ભાવના ધરાવનાર ભકતના પ્રાણત્યાગના અંતસમયે દર્શન દઈને તેના જીવાત્માને આત્યંતિક મોક્ષમાં લઈ જતા હતા. અને હાલમાં પણ લઈ જાય છે.

નોંધ : શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્થાપિત શ્રીહરિશરણાગતિ મંડળના અનેક ભકતો આ સનાતન સત્ય હકીકતના સાક્ષી છે.



● ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની આ પ્રતિમામાં તેમના શાંત મુખારવિંદની પાછળ તેમની તેજસ્વી દિવ્ય શ્વેત આભા (ઓરામંડળ) ના અદ્‌ભુત દર્શન થઈ રહ્યા છે.

નોંધ :- આ રિયલ ફોટાગ્રાફ છે, આમા કોઈપણ પ્રકારની કોમ્પ્યુટરાઈઝ્ડ કરામત નથી.

મહારાજમાં ''સર્વજ્ઞતા, તૃપ્તિ, અનાદિબોધ, સ્વતંત્રતા, નિત્યમલુપ્તદ્રષ્ટિ તેમજ અનંત શકિત જેવા આ છ અસાધારણ ઐશ્વર્ય હતા, જે એમનામાં ભગવાનપણું સિધ્ધ કરે છે.



● મંદિરમાં ઉજવાતા ધાર્મિક મહોત્સવો કે વિશાળ સત્સંગ મહાસભામાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પ્રમુખ સ્થાને ગાદી તકીયા પર બીરાજમાન થઈ'' સૌ શ્રોતાજનોને સત્સંગ આશીર્વચન તેમજ દર્શનનો અનેરો લાભ આપતા.

જ્યારે કોઈપણ મંદિરના મહોત્સવોમાં મહારાજ પધારવાના હોય તેવા સમાચાર મળતા જ અનેક સંતો ભકતો અચુક એ પ્રસંગમાં વિશાળ સંખ્યામાં હાજરી આપી પોતાના આત્મામાં શાંતિ તેમજ ધન્યતાનો અવશ્ય અનુભવ કરતા.





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બાળકને કંઠી પહેરાવી મંત્ર આપીને આશીર્વાદ તેમજ સાકર આપી રહ્યા છે.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજમાં ભગવાનપણાના તમામ સદ્‌ગુણો જોઈને અનેક બાળ-યુવાન તેમજ વડિલ ભકતોએ પણ તેમની પાસેથી કંઠી-દિક્ષામંત્ર ધારણ કરી તેમને હૃદયમાં ઈષ્ટદેવના સ્થાને રાખી હંમેશા ભાવપૂર્વક તેમનું પૂજન સન્માન કર્યુ છે.





● લોકકલ્યાણાર્થે સર્વજીવહિતાવહ એવા અનેક શુભ કાર્યોમાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પ્રેરણાથી'' જે સંતો કે હરિભકતો તન,મન,ધનથી સેવા કરતા તેમને મહારાજ પુષ્પહાર પહેરાવી આશીર્વાદરૂપે મૂર્તિ અર્પણ કરીને તેમને વિશેષ સન્માનિત કર્યા છે.





● જૂનાગઢમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના સૌપ્રથમ વિદ્યાગુરૂ શાસ્ત્રીશ્રી બાલકૃષ્ણાનંદજીને દંડવત્ પ્રણામ કરી પોતાનો ગુરૂ પ્રત્યેનો આદરભાવ વ્યકત કરતા. તેમજ મહારાજ વડિલોની સમક્ષ નમ્રભાવ અને સમાનપ્રતિ આદરપૂર્વકનો વિવેક રાખી સૌને સન્માન આપી હંમેશા મધુરતાથી જ તમામ પ્રકારના વ્યવહાર કરતા.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ મહાઅપરાધિ જીવ ઉપર ક્ષમા રાખનારા અર્થાત્ અપકાર કરનારનો ઉપકાર કરનારા હતા. અને દુષ્ટ બુધ્ધિનાજનો ગાળો દે અથવા તાડન કરે તો પણ ક્ષમા રાખીને તેનું હિત ઈચ્છનારા હતા. તેમજ સ્વાર્થ વિના સર્વને માન આપનારા હતા.



(સુખશૈયામાં નિદ્રાધિન થતા પહેલાના શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દર્શન)

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ બપોરના સમયે કયારેય નિદ્રા ન લેતા તેમજ
રાત્રીના બે પ્રહર ગયા પછી એક અથવા દોઢ પ્રહર જ નિદ્રા લેતા હતા,
આવો તેમનો નિદ્રાજીતતાનો મહાન ગુણ પણ હતો.



પૂજ્ય હેમંત ભગત

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંત મંડળમાં પુજ્યશ્રી હેમંત ભગતે વર્ષો સુધી મહારાજની ખુબજ સેવા કરીને અતિ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

અને મહારાજના દર્શને આવનાર અનેક ભકતોની રહેવા જમવાની સુવિધા સાચવીને ભકતોને પણ અતિપ્રસન્ન કર્યા છે.

ઉપરાંત શ્રીહરિ શરણાગતિ મંડળના વિકાસ કાર્યોમાં ખુબજ યોગદાન અને ભોગ આપ્યો છે. તેમજ મહારાજનો મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાનો ગુજરાતી સારાંશ લખીને શાસ્ત્રની પણ સેવા કરી છે.



(પરમધામાધિપતિ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના સ્વધામગમન દર્શન)

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ૮૧ વર્ષ સુધી આ પૃથ્વી પર રહ્યા. વિ.સં. ૨૦૪૪ ના મહા વદ ચોથ ને શુક્રવારે તા. ૨૮-૨-૧૯૮૬ ના રોજ પ્રાતઃકાળે બ્રાહ્મમુહુર્તમાં પોતે સ્નાનાદિ, પુજાપાઠ આદિક નિત્ય કર્મથી પરવારી પોતાના ગુરૂ બાલમુકુંદસ્વામીએ પ્રસાદીરૂપે આપેલ ગરમ ઉનની સાલ એ જમીન પર પાથરીને તેના પર સુઈને માથે ચાદર ઓઢીને મંત્રજાપ કરતા માળા ફેરવતા સ્વતંત્ર રીતે જૂનાગઢ મંદિરના પોતાના નિવાસ સ્થાનમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરી પરમધામમાં સિધાવ્યા.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના વિદાયના - ધામમાં સીધાવ્યાના દુઃખદ સમાચાર સાંભળીને તેમના અંતિમ દર્શન માટે અનેક ગામડા-શહેરોમાંથી તેમજ દેશ-વિદેશથી અનેક વિદ્વાન પંડિતો સંતો તેમજ હરિભકતોનો પ્રવાહ તેમજ જૂનાગઢના નગરવાસીઓનો પણ રાતદિવસ સતત ચાલુ રહેવાથી ત્રણ દિવસ સુધી મહારાજના દિવ્ય દેહને જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં તેમના નિવાસ સ્થાન પાસે રાખવામાં આવ્યો હતો. તેમજ શ્રધ્ધાંજલી સભા યોજવામાં આવી હતી.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દિવ્યદેહની અંતિમયાત્રામાં હજારોની સંખ્યામાં ગામડા શહેરોમાંથી તેમજ દેશ-વિદેશથી અનેક વિદ્વાન પંડિતો, સંતો, હરિભકતોનો તેમજ જૂનાગઢના નગરવાસીઓએ જોડાઈને મહારાજને અશ્રુભીની આંખે ભાવભીની વિદાય આપી હતી.







● તીર્થધામ જૂનાગઢના પ્લાસવા ગામે આવેલ ''શ્રીશ્વેતાયનબાગ'' નામક જે પવિત્રભૂમિ પર શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દિવ્ય પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો, તે તપોભૂમિ પર વર્તમાન સમયમાં મહારાજનું નાનકડું દિવ્ય શ્રી પરમધામ સ્મૃતિમંદિર છે.

પરંતુ ભવિષ્યમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના આ મહાપ્રસાદીના સ્થાન પર શિખરબધ્ધ મંદિર, એમનું જીવનચરિત્ર અને પ્રસાદીની વસ્તુઓનું સુંદર મ્યુઝીયમ, ભકતો માટે ઉતારા તેમજ ભોજનાલય ઉપરાંત ગૌશાળા તેમજ સુંદર બગીચો આ સર્વ સત્કાર્યો કરવાનો સંકલ્પ છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પ અને કૃપાથી ભવિષ્યમાં યોગ્ય સમયે જરૂર આ સર્વે કલ્યાણકારી શુભકાર્યો ભકતોના તન-મન-ધન તેમજ સર્વપ્રકારના સાથ સહકારથી અવશ્ય પૂર્ણ કરવામાં આવશે.



મહારાજની સેવામાં અનાદિમુકતરાજ
પુ. કેશવજીભગત ડાયાભગત બગીચા



પ્રગટ ભગવાનની સેવામાં અનાદિમુકતરાજ
પુ. શાંતિલાલભગત કેશવજીભગત બગીચા



ડાબેથી.. ૧ ઈશ્વર કેશવજી બગીચા, ૨ સુરેશ ચકુ ટાંક, ૩ શાંતિલાલ કેશવજી બગીચા, ૪ મહારાજ,
૫ હરિકૃષ્ણ શાંતિલાલ બગીચા, ૬ જેન્તીલાલ રામજી બગીચા, ૭ જાદવજી કેશવજી બગીચા, ૮ બાલકૃષ્ણ શાંતિલાલ બગીચા



અનાદિમુકતરાજ છગનલાલ પ્રેમજી કાચા



અનાદિમુકતરાજ રામજી જેઠા મકવાણા



અનાદિમુકતરાજ ભગવાનજી રાજા જાવિયા



અનાદિમુકતરાજ માવજી લક્ષ્મણ મકવાણા



અનાદિમુકતરાજ શાંતિલાલ પુંજા વાઢેર



અનાદિમુકતરાજ જેન્તિલાલ દેવશી બાંભણિયા



અનાદિમુકતરાજ કાંતિભગત નરશીભગત રાઠોડ



અનાદિમુકતરાજ કાંતિલાલ રાગછોડ ચોટલીયા



અનાદિમુકતરાજ રાઘવ જેરામ ગેવરીયા



અનાદિમુકતરાજ અમૃતલાલ ખીમજી વાઢેર



અનાદિમુકતરાજ માવજી મનજી રાઠોડ



મધુભગત ધનજી બાબરીયા તથા દિનેશ ધનજી બાબરીયા



અનાદિમુકતરાજ કાનજી મુળજી સોજીત્રા પરિવાર



કાનજીભગત ગંગદાસભગત ચોટલીયા (કાના-કુરા)



અનાદિમુકતરાજ દેવશી વસ્તા જાવિયા



અનાદિમુકતરાજ છગન માવજી રાઠોડ



હંસરાજબાપા - શામજીભગત - ખીમજીભગત



અનાદિમુકતરાજ દેવરાજ ડાયા મકવાણા -નિતીનભગત



અનાદિમુકતરાજ હિરજી પેથા ચૌહાણ (હિરાબાપા)



અનાદિમુકતરાજ વ્રજલાલ લાલજી જાવિયા



પુ.વેલજીભગત - પુ. દયાળજી લાલજી મનાણી



અનાદિમુકતરાજ પરસોતમ તુલસી ટાંક - મુકેશ ટાંક



જ્યંતિલાલ રાઠોડ - ચંદુભગત રાણછોડ ચૌહાણ



અનાદિમુકતરાજ જ્યંતિભગત હંસરાજભગત રાઠોડ



અનાદિમુકતરાજ રતિલાલ હંસરાજ રાઠોડ



નારાણ રાઠોડ તથા મનસુખ રાઠોડ - નવિનભગત



અનાદિમુકતરાજ જયસુખ પરસોતમ રાઠોડ



અનાદિમુકતરાજ રસિક પરસોતમ રાઠોડ



પ્રગટ ભગવાન તેમજ મુકતરાજશ્રી હેમંત ભગત



અનાદિમુકતરાજ અમરશીભગત ટપુ પરમાર



રામજી તુલસી ટાંક - પ્રાગજી ડાયા ચૌહાણ



અનાદિમુકતરાજ અમરશી હંસરાજ રાઠોડ



ડાબેથી.. ૧ હંસરાજ કાનજી રાઠોડ, ૨ મહારાજ, ૩ ટપુલાલ કાનજી રાઠોડ, ૪ દેવજી કાનજી રાઠોડ (ગામ : ચાવડા)



મહારાજના આશીર્વાદ મેળવતા દાદા રાણછોડ રાજા મનાણી તેમના પુત્ર પ્રાગજી રાણછોડ મનાણી અને પૌત્રો નરોત્તમ તથા પરેશ



ડાબેથી.. ૧ વિનુ રાઘવ ગેવરીયા, ૨ નારાણ હંસરાજ રાઠોડ, ૩ દિનેશ ધનજી બાબરીયા, ૪ મહારાજ, ૫ હેમંત ભગત



ડાબેથી.. ૧ મનસુખ મુળજી મનાણી, ૨ છગન મુળજી મનાણી, ૩ મહારાજ, ૪ હસમુખ મુળજી મનાણી



નીચે ડાબેથી.. ૧ દેવપ્રકાશસ્વામી, ૨ કોઠારી સ્વયંપ્રકાશસ્વામી, ૩ મહારાજ, ૪ આત્મપ્રકાશસ્વામી, ૫ હેમંતભગત



ડાબેથી.. ૧ કુંવરજી મેપા મનાણી, ૨ મોહન કરશન મનાણી, મોહન રતનશી સાપરીયા, વેલજી રવજી ચૌહાણ



ડાબેથી.. ૧ હરિલાલ વેલજી ખોલીયા, ૨ રતિલાલ લાલજી જાવિયા, ૩ નાનજી લક્ષ્માણ મકવાણા, ૪...,
૫ મહારાજ, ૬ રતિલાલ હંસરાજ રાઠોડ, ૭ તુલસીદાસ મનજી મકવાણા, ૮..., ૯ ધીરૂ લક્ષ્માણ મકવાણા



ડાબેથી.. ૧ હેમંત ભગત, ૨ કરશન માવજી પિત્રોડીયા, ૩ રામજી જેઠા મકવાણા, ૪ મહારાજ,
૫ ડો. પ્રવિણ (આચાર્યશ્રી કૃણુમાચાર્યજી), ૬ દામજી પ્રેમજી કાચા, ૭ લાલજી રાજા જાવિયા



તિર્થધામ જામવંથલી સ્થિત કુલવાડી પરમધામ મંદિરની બહાર જમણી બાજુ આવેલ
મુકતરાજ ડાયાબાપા જીણાબાપા મકવાણાના (અમૃતનિવાસ) મહારાજના પ્રસાદીના મકાના દર્શન



ડાબેથી.. ૧ છગન ડાયા મકવાણા, ૨ જીગ્નેશ છગન મકવાણા, ૩ કિશોર દેવરાજ મકવાણા,
૪ ગંગદાસ રવજી મકવાણા, ૫ ગોવિંદ ડાયા મકવાણા, ૬ પરસોતમ ડાયા મકવાણા,
૭ હસમુખ જેરામ મકવાણા, ૮ ભાવેશ રમણીકલાલ મકવાણા, ૯ તુષાર કિશોર મકવાણા



પ.પૂ.શ્રી શ્વેતાયનાચાર્યજી- ગોવિંદજી મહારાજ



ધર્મેશભગત તથા તુલસીદાસ મકવાણા



ધર્મેશભગત તથા ભાવેશભગત મકવાણા



હરિકૃષ્ણ જાવિયા તથા હરસુખ મકવાણા









પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે તિર્થધામ કુંકાવાવનાં રહેવાસી પ.પુ.સંતશ્રી ગોબરભગતને સ્વહસ્તે માખણીયા લાલજી મહારાજની મૂર્તિ સેવા-પૂજા કરવા માટે અર્પણ કરીને આજ્ઞા કરી હતી કે તમારે આજીવન સંત જેવું પવિત્ર જીવન જીવી ગાયો, ગરીબોની સેવા કરીને અખંડ ભક્તિમય જીવન પસાર કરીને અનેક જીવાત્માઓને પણ જ્ઞાન, ઉપદેશ, આશીર્વાદ દ્વારા કલ્યાણ કરવાનું છે. મહારાજની આ આજ્ઞા પુ. ગોબરભગતે આજીવન પાળી છે. અને તેમના ઉપદેશ અને આશીર્વાદ દ્વારા પણ અનેક લોકો ભગવાનનાં માર્ગે વળીને સત્સંગ રાખી સુખી પણ થયા છે.



સરપંચશ્રી લક્ષ્માણભાઈ પટેલ

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવના સરપંચશ્રી લક્ષ્માણભાઈ પટેલને જ્યારે ખ્યાલ આવ્યો કે, ''આપણા ગામના ખેડુતના દીકરાની આજે હિન્દુસ્તાનમાં સર્વશ્રેષ્ઠ વિદ્વાન તરીકે ગણના થાય છે તેમજ એમણે રચેલા અદ્‌ભૂત શાસ્ત્રો દેશ-વિદેશની યુનિવર્સીટીના સંસ્કૃત વિદ્યાભ્યાસના કોર્ષમાં પણ માન્ય થયા છે. ઉપરાંત અનેક ભકતો મહારાજને સ્વયં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તરીકે માને પુજે છે.''

આ બધી વાતોની જાણ થતા તેમણે કુંકાવાવ ગામના પાદરમાં મહારાજના રાષ્ટ્રીય સ્મૃતિ મંદિરનો સંકલ્પ કરી તેના માટે સરકારી જમીન ફાળવી આપી તેમજ મહારાજના ગુણાનુવાદના 'અભિનંદનગ્રંથ' માં સંયોજક તરીકે સેવા બજાવીને મહારાજના વિશેષ કૃપાપાત્ર થયા હતા.



● મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવમાં ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ સ્મૃતિખંડ તેમજ રાષ્ટ્રીય પ્રસાદ''નામક મંદિરનું ખાતમુહુર્ત સ્વયં ધર્માચાર્ય દ્વારકા શારદાપિઠાધિશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્ય શ્રીઅભિનવસચ્ચિદાનંદજી એ વેદોકત વિધિથી કર્યુ હતું.

કુંકાવાવ ગામના સરપંચ શ્રી લક્ષ્મણભાઈ પટેલે મંદિર માટે જમીન ફાળવી આપી હતી.





● મોટી કુંકાવાવ ગામમાં સરપંચશ્રી લક્ષ્માણભાઈ પટેલ દ્વારા આયોજીત મહાધર્મસભામાં જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ શ્રોતાજનોને સંબોધતા કહ્યું હતું કે, ''ભારતના સંસ્કૃત સાહિત્યને સુલભ કરવા અને નવા દર્શન રચવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીનો ભગીરથ પ્રયત્ન છે. મહારાજ તેમના જેવા આચાર્યવર્ય યુગોયુગોમાં સૈકે-સૈકે ભારતમાતા ઇચ્છે છે.'' આ રીતે મહારાજના અનેક ગુણોનું વર્ણન કરેલું.



● અડસઠ તિર્થમાંનું એક પૌરાણિક મહાતિર્થધામ 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' એટલે કુંકાવાવ ●

શાસ્ત્રોમા ચારધામ તેમજ અડસઠ તિર્થોનું વર્ણન છે. તેમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવ ગામ એ અડસઠ તિર્થોમાં 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' નામક જે પૌરાણિક તિર્થનું વર્ણન કર્યુ છે, એ ગુપ્ત મહાન તિર્થધામ કુંકાવાવ ગામ જ છે. તેનું કથા સાથે વિસ્તારથી વર્ણન સ્વામીશ્રીએ પોતાના સ્વહસ્તે 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' માં કર્યુ છે.

કુંકાવાવ ગામના પાદરમાં બસ સ્ટેન્ડની બાજુમાં ''પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય સ્મૃતિખંડ તેમજ રાષ્ટ્રીય પ્રાસાદ'' નામક આ મંદિરમાં વિ.સં.૨૦૩૨ ની આસો વદ આઠમ- સ્વામીશ્રીની બોતેરમી જન્મજયંતિના પવિત્ર દિવસે તેમના સ્વરૂપ સમાન આરસની સુંદર દિવ્ય મૂર્તિની વેદોકતવિધીથી પ્રતિષ્ઠા ખુબજ ધામધૂમપૂર્વક મહામહોત્સવ કુંકાવાવના નગરવાસીઓએ તેમજ શ્રીહરિશરણાગતિમંડળના ભકતોએ સાથે મળીને કર્યો હતો.

આ મંદિરે આવનાર અનેક ભકતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મૂર્તિના દર્શન કરી આત્મામાં શાંતિ અને ધન્યતાનો અનુભવ કરે છે. તેમજ અહિં સ્વામીશ્રીના આશીર્વાદથી ભકતોના અનેક દુઃખ દુર થાય છે. અને સંકલ્પો પણ પુરા થાય છે.

(નોંધઃ આ ઐતિહાસીક ઘટના કદાચ ધર્મજગતમાં પ્રથમ કહી શકાય કે, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની હયાતીમાં જ તેમની જન્મભૂમિમાં ભકતોએ મંદિર બનાવી તેમની મૂર્તિ પધરાવી કાયમ સેવાપુજા કરતા.)

॥ श्रीकृष्णवल्लभाचार्यः कोटीमुक्ताभिवन्दितः धामधामेश्वर नाथः सर्ववतारकारणम् ॥



જામવંથલી કુલવાડી પરમધામ મંદિર





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પથી નિર્માણ થયેલ શિખરબધ્ધ પરમધામ કુલવાડી મંદિર

જામનગર જીલ્લામાં આવેલ જામવાણથલી નામક આ ગામ એ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની લીલાચરિત્રોની ભૂમી કહેવાય છે. કારાણ કે જામવાણથલીમાં મહારાજે સતત ત્રાણ વર્ષ સુધી શ્રીસ્વામિનારાયાણ મંદિરમાં રહીને ત્યાના અનેક ભકતોના દુઃખો દુર કરીને સંકલ્પો પુરા કરીને મહાસુખીયા કર્યા છે. તેમજ ગામના ઘરે ઘરે પધરામાણી કરી અને કથાવાર્તાઓ દ્વારા સૌને સત્સંગનો ખુબ જ લાભ આપ્યો છે. ઉપરાંત અનેક લીલાચરિત્રો પાણ કર્યા છે.

જામવાણથલી ગામમાં કંકાવટી નદીના કિનારે કુલવાડી નામક દિવ્યભૂમિ પર મહારાજેના સંકલ્પથી તેમના શ્રીહરિશરાણાગતિ મંડળના શિષ્યભકતોએ સુંદર ભવ્ય અને દિવ્ય શિખરબધ્ધ મંદિરનું નિર્માણ કર્યુ છે. વિ.સં.૨૦૫૨ ના તા.૨૭-૧૦-૧૯૯૬ આસો વદ ૮ ના મહારાજેના જન્મજયંતિના શુભ દિવસે ધામધૂમપૂર્વક મહામહોત્સવ કરીને આ મંદિરમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયાણ એટલે કે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની પંચધાતુની મૂર્તિમાં વેદોકત વિધીથી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે.

અહિં મંદિરે દર્શને આવનાર અનેક ભકતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય અદ્‌ભૂત સુંદર મૂર્તિના દર્શન કરીને આત્મામાં શાંતિ અને ધન્યતાનો અનુભવ કરે છે. તેમજ અહિં મહારાજના આશીર્વાદથી ભકતોના દુઃખો દુર થાય છે અને સંકલ્પો પુરા થાય છે.

તિર્થધામ જામવંથલી પરમધામ કુલવાડી મંદિર આગળ જે પ્રસાદી ભવનના દર્શન થાય છે તેનું નિર્માણ સ્વયં મહારાજે કરાવ્યું હતું. ત્યાં હાલમાં મહારાજની પ્રસાદીની ઘણી વસ્તુઓ દર્શન માટે મુકવામાં આવેલ છે. કુલવાડી મંદિરની પાછળ વાડીમાં અનાદિમુકતરાજ હેમંત ભગતનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હોવાથી ત્યાં તેમનું પ્રસાદીનું સ્મૃતિ મંદિર પણ છે. તેમજ મંદિરની આગળ પ્રસાદીની ચરણાર્વિંદની છત્રી છે. જયા મહારાજે અનેક ભકતોને પોતાના સ્વરૂપમાંથી ૨૪ અવતારોના દર્શન કરાવ્યા છે. ત્યા પ્રસાદીનું બોરડીનું વૃક્ષ પણ છે. તેમજ કુલવાડી મંદિરની નજીક અનાદિ મુકતરાજ શાંતિલાલ કેશુભગત બગીચાની "પ્રસાદીની બગીચાવાડી" છે જયા મહારાજે મુકતો સાથે રાસલીલા તેમજ અનેક કલ્યાણકારી ચરિત્રો પણ કર્યા છે.

પ્રગટ ભગવાનનાં હૃદયના દિવ્ય દર્શન







પ્રગટ ભગવાનશ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના દિવ્ય દેહના અગ્નિસંસ્કાર થયા પછી પણ તેમનું હૃદયનો ભાગ બળ્યો ન હતો. તે મહારાજનું હૃદય જામવંથલી ધામે કુલવાડી પરમધામ મંદિરના મધ્ય શિખરની નીચે પાયામાં સમસ્ત શ્રીહરિ શરણાગતિ મંડળ વતી પૂજ્ય શ્રી શ્વેતાયનાચાર્યજી મહારાજના હસ્તે પધરાવવામાં આવ્યુ હતું. તેમજ અન્ય મુક્ત ભક્તોએ પણ મહારાજના હૃદયના દર્શનનો લાભ લીધો હતો.















॥ श्रीकृष्णवल्लभाचार्यः कोटीमुक्ताभिवन्दितः धामधामेश्वर नाथः सर्ववतारकारणम् ॥



તિર્થધામ કુંકાવાવ બ્રહ્મપેલેસ મંદિર



● અડસઠ તિર્થમાંનું એક પૌરાણિક મહાતિર્થધામ 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' એટલે કુંકાવાવ ●

શાસ્ત્રોમા ચારધામ તેમજ અડસઠ તિર્થોનું વર્ણન છે. તેમાં શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવ ગામ એ અડસઠ તિર્થોમાં 'લોમશ આશ્રમ- કુમકુમવાપી' નામક જે પૌરાણિક તિર્થનું વર્ણન કર્યુ છે, એ ગુપ્ત મહાન તિર્થધામ કુંકાવાવ ગામ જ છે. તેનું કથા સાથે વિસ્તારથી વર્ણન સ્વામીશ્રીએ પોતાના સ્વહસ્તે 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' માં કર્યુ છે.

અમરેલી જીલ્લાના મોટી કુંકાવાવ ગામની આ પવિત્રભૂમિ પર વિ.સં.૧૯૬૧ ના આસો વદ ૮ ને શનિવારે તા.૨૧-૧૦-૧૯૦૫ ના પ્રાતઃકાળે ૪:૪૨ મીનીટે પટેલ સમાજના દિવ્ય દેવાણી કુળ પિતા ગોપાલકૃષ્ણ અને માતા કંભરાલક્ષ્મીના ખોળે મહારાજનું પ્રાગટ્ય થયું. તેમનું બાળપાણ નામ કુંવરજી હતું. ઈ.સ. ૧૯૦૫ થી ૧૯૧૬ સુધીના બાલ્યાવસ્થાના આ બાર વર્ષનો સમય મહારાજે કુંકાવાવમાં વ્યતિત કર્યો. પછી તેઓ ગૃહત્યાગ કરી સંત થવા જૂનાગઢ પધાર્યા હતા.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના સંકલ્પથી કુંકાવાવધામમાં નવ નવ શિખરનું ભવ્ય અને દિવ્ય બ્રહ્મપેલેસ નામક મંદિર નિર્માણ શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોએ સાથે મળીને કર્યુ છે. તેમજ તેમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ તેમજ કંભરાલક્ષ્મી-ગોપાલકૃષ્ણ-બાલકૃષ્ણની પંચધાતુની મૂર્તિમાં વેદોકત વિધીથી પ્રાણપ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૫ ના વૈશાખ સુદ ૭ ના શુકવારે તા.૧-૫-૨૦૦૯ ના રોજ ખુબજ ધામધૂમથી મહામહોત્સ દ્વારા કરવામાં આવી છે.

અહિં મંદિરે દર્શને આવનાર અનેક ભકતો શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની દિવ્ય અદ્‌ભૂત સુંદર મૂર્તિના દર્શન કરીને આત્મામાં શાંતિ અને ધન્યતાનો અનુભવ કરે છે. તેમજ અહિં મહારાજના આશીર્વાદથી ભકતોના દુઃખો દુર થાય છે અને સંકલ્પો પુરા થાય છે.

તિર્થધામ મોટી કુંકાવાવમાં બ્રહ્મ પેલેસ મંદિર નું કાર્ય પરિપૂર્ણ થતા અન્ય છ શિખરોમાં ''શ્રી લક્ષ્મીનારાયણ પ્રભુ, બ્રહર્ષિ શ્રી લોમસ ઋષિ, શ્રી શ્વેતાયનવ્યાસ પ્રભુ, શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ, શ્રી સુખશૈયા ની મૂર્તિ, શ્રી વિઘ્નવિનાયક દેવ, શ્રી કષ્ટભંજન દેવ'' આ સર્વે મૂર્તિઓની પ્રતિષ્ઠા વિ.સં.૨૦૭૯, વૈશાખ સુદ ૧૩, તા.૩-૫-૨૦૨૩ બુધવારના શુભ દિને મહામહોત્સ દરમ્યાન કરવામાં આવેલ છે.



પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાની સ્વધામગમનની
જે જૂનાગઢની ભૂમિ "ભવિષ્યમાં દિવ્ય મહાન ધામ બનશે" તેની સ્વહસ્તે શાસ્ત્રમાં જે ભવિષ્યવાણી કરી છે તેની માહિતી...

(મહાધર્મગ્રંથ શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા... પ્રથમ ભાગ :- કૃતયુગ સંતાન, અધ્યાય-૫૩, શ્લોક નં. ૬૦)



સંસ્કૃત શ્લોક : અનાદિનિધનં તન્મે સ્થાનં દિવ્યં ભવિષ્યતિ ।
કૃષ્ણમુક્તિપ્રદઃ સોઽયં દ્વીપો દિવ્યો ભવિષ્યતિ ।। ૬૦ ।।

સંસ્કૃત શ્લોકનું ગુજરાતી : અનાદિ શ્રીકૃષ્ણનારાયણ ભગવાનના સ્વધામગમનનું જે દિવ્ય સ્થાન થશે તે મુક્તિ અપાવનારું પરમ દિવ્યધામ બનશે.

• અડસઠ તિર્થમાંનું એક પૌરાણિક મહાતિર્થધામ ''જીર્ણગઢ'' એટલે જૂનાગઢધામ •

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના જીવનના સૌથી વધારે વર્ષો પવિત્ર ગિરનારની ગોદમાં આવેલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પોતાના નિવાસ સ્થાન શ્રીબાલમુકુંદ ભુવનમાં પસાર કર્યા હોવાથી જૂનાગઢ મહારાજની કર્મભૂમિ તેમજ મુખ્ય ગાદીસ્થાન માનવામાં આવે છે.

જૂનાગઢમાં આવેલ પ્લાસવા ગામમાં શ્રીશ્વેતાયનબાગ નામક પવિત્ર સ્થળે શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના પંચભૌતિક દિવ્યદેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. અને તેજ અગ્નિસંસ્કારના મહાપ્રસાદીના ઓટા પર જ હાલમાં તેમનું નાનકડું પણ દિવ્ય એવું શ્રીપરમધામસ્મૃતિ મંદિર નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મંદિરમાં મહારાજની આરસની નાની દિવ્ય સુંદર મૂર્તિ પધરાવામાં આવેલ છે તેમજ મંદિરની પ્રદક્ષિણામાં મહારાજના લીલાચરિત્રો, કાર્યો, ઉપદેશ, મહિમા તેમજ જીવનચરિત્ર વગેરેનું ભકતોના દર્શન માટે ટૂંકમાં સચિત્ર સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

તેમજ મહારાજના નખ, કેશ, અસ્થિ, દાઢ, પૂજા, શાસ્ત્રો તેમજ સ્વ ઉપયોગમાં લીધેલ તમામ દિવ્ય કલ્યાણકારી મહાપ્રસાદીની ચીજવસ્તુઓ પણ અહિં મંદિરે ભકતોના દર્શનાર્થે મુકવામાં આવેલ છે.

આ પવિત્રભૂમિ પર મહારાજનો અગ્નિસંસ્કાર થયો હોવાથી એમના જીવનનું સંપૂર્ણ તપ, ઐશ્વર્ય, શકિત દિવ્ય સ્વરૂપે અહિં સમાયેલ હોવાથી આ મહાન તપોભૂમી અનેક જીવાત્માનું કલ્યાણ કરનાર, દુઃખ દુર કરનાર તેમજ અનેક સંકલ્પો પુરા કરનાર સર્વશ્રેષ્ઠ તિર્થભૂમી બની છે.

અનેક ભકતો અહિં સ્મૃતિ મંદિરે પ્રગટ ભગવાનની મૂર્તિના દર્શન કરી આત્મામાં શાંતિ તેમજ ધન્યતાનો અનુભવ કરી વિશેષ આશિર્વાદ પ્રાપ્ત કરી મહાસુખીયા થાય છે.





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના સંતમંડળ સાથે સતત ૧૯ વર્ષસુધી જામનગરના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં રહીને ''મંદિરનો પુનઃજીર્ણોધ્ધાર, સભામંડપ, ગૌશાળા, ઓફિસ, ભંડાર તેમજ શ્રીઘનશ્યામ મહારાજ અને શ્રીહનુમાનજી - શ્રી ગણપતિજીની મૂર્તિની પુનઃપ્રાણપ્રતિષ્ઠા ઉપરાંત અનેક મહામહોત્સવ, કથાઓ કરી દેવ તેમજ હરિભકતોને પ્રસન્ન કર્યા છે.''





● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે રાજકોટમાં બે વર્ષ રહીને ભવ્ય શિખરબધ્ધ શ્રીસ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરી તેમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ આદિક મૂર્તિની પ્રતિષ્ઠા વિ.સં.૨૦૦૮ ના માગશર સુદ ૭ ના ગુરૂવાર તા.૬-૧૧-૧૯૫૨ ના શુભ દિવસે કરી, મહામહોત્સવ ઉજવ્યો તેમજ મંદિર ઉપરાંત સંતોની ધર્મશાળા અને ભોજનાલય આદિક પણ બનાવી સૌને પ્રસન્ન કર્યા?





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ પોતાના સંત મંડળ સાથે વર્ષો સુધી જૂનાગઢના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં નિવાસ કરીને રહ્યા હતા. તેમજ મહારાજની પ્રેરણાથી તેમના શ્રીહરિશરણાગતિ મંડળના ભકતોએ જૂનાગઢ મંદિરના વિકાસના અનેક કાર્યો તેમજ મહામહોત્સવમાં તન-મન-ધનથી ખૂબજ સેવા કરી હતી.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે પોતાના શિષ્યો શ્રીસ્વયંપ્રકાશદાસજી સ્વામી, શ્રીઆત્મપ્રકાશદાસજી સ્વામી, શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી તેમજ શ્રીહેમંત ભગત આદિક સંતમંડળ સાથે અનેક તિર્થક્ષેત્રો તેમજ ગામડાઓ અને શહેરોમાં પાગ વિચરાગ કરી ઘાગા ભકતોને કથાવાર્તા દ્વારા સત્સંગનો ખુબ જ લાભ આપ્યો છે, તેમજ અનેક ભકતોના દુઃખો દુર કરીને સંકલ્પો પુરા કરીને પાગ સૌને મહાસુખીયા કર્યા છે.


અનાદિ મુકતોની જન્મભૂમિ જામવંથલીધામ ના મહારાજના એકાંતિક મહામુકતોના દર્શન

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રથમ સ્વર્ગારોહણ દિવસે પૂજ્ય ગુરુદેવશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૧૪ ના પાવન સાનિધ્યમાં ગુરુ ગુણાનુવાદ સભા

ગુરૂ કૃપા પ્રાપ્ત કરવા આવેલ ભાવિકો

મહારાજનાં (પટેલ સમાજ) દેવાણી કુળ પરંપરાના દર્શન



પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણનાં પટેલ સમાજના આ દિવ્ય દેવાણી કૂળમાં મહારાજના આશિર્વાદથી મારો જન્મ થયો. તેમજ મહારાજની ઇચ્છા અને કૃપાથી જૂનાગઢધામ ગાદિ સ્થાન, પરમધામ સ્મૃતિ મંદિર, નૂતન પ્રસાદિ ભુવન, ૫૭ શાસ્ત્રો, નૂતન ઓડિયો-વિડીયો સાહિત્યોનું કાર્ય તેમજ કુંકાવાવ ધામમાં "બ્રહ્મપેલેસ મંદિર"માં મ્યુઝિયમમાં મહારાજનાં દર્શન-મહિમાનું સર્વે સાહિત્ય ભક્તોના દર્શન માટે મૂકવાનો જે કલ્યાણકારી અમૂલ્ય સેવાનો લાભ જે મને મહારાજ અને મુક્તોની કૃપાથી મળ્યો છે એ બદલ હું ધન્યતા અનુભવું છું.

લી. શ્રી કૃષ્ણપ્રકાશ સ્વામી (જૂનાગઢધામ)

પ્રકાંડ પંડિત ડો.શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ (M.A., Ph.D., D.Phil., D.Litt.

વિદ્યામૂર્તિ શ્રી શ્વેતાયન વ્યાસ વિરચિત ૫૭ શાસ્ત્રોના દર્શન

ન્યાયશાસ્ત્રના ગ્રંથો

- ન્યાયસિદ્ધાંત મુક્તાવલીની કિરણાવલી ટીકા
- તર્કસંગ્રહની દિપીકાની કિરણાવલી
- ન્યાયબોધિની-પદકૃત્યની ટિપ્પણી
- તત્વપ્રભાવલી,નવીન ગહન શ્વેતાયનીય વિશિષ્ટ ન્યાયશાસ્ત્ર
- સામાન્ય નિરૂક્તિ ગદાધરીના ક્રોડપત્રી શાસ્ત્રાર્થ
- ખ્યાતિવિમર્શ : ૩૩ ત્રયસ્ત્રિંશત્થી અધિક ખ્યાતિઓ
- પ્રભાત્વવિમર્શ : પ્રભાત્વ અપ્રભાત્વ વિશદ વિચાર
- સાકારત્વ-વિમર્શ "સર્વ સાકારમ્" એવો સટીક વિચાર
- સાક્ષાત્કાર-સૂત્રાણી :"સર્વસાક્ષાત્" એવો સટીક વિચાર

દર્શનશાસ્ત્રના ગ્રંથો

- દર્શનતત્વસાર-દર્શનશાસ્ત્રીના મતો
- વિવિધ ચિત્રપ્રતિકૃતો વાદી-પ્રતિવાદીઓમાં તત્વજ્ઞાન
- વેદસ્તુતિ-સરળ અર્થમાં
- તત્વમુક્તાકલાપ-પંચસરીની વિશાલ કિરણાવલી

શ્રીશ્વેતાયન સંહીતા (શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા) ૧,૨૬,૦૦૦ શ્લોકોમા બ્રહ્મ–સૃષ્ટિ–ઈતિહાસ

- લક્ષ્મીનારાયણ સંહિતા ભાગ-૨
- લક્ષ્મી નારાયણ સંહિતા ભાગ-૩
- લક્ષ્મી નારાયણ સંહિતા ભાગ-૪
- લક્ષ્મી નારાયણ સંહિતા ભાગ- ૫

કાવ્ય ગ્રંથો

- કવિકાવ્યગૌરવમ્ કાવ્યતત્વવિચાર
- હતોપદેશ મિશ્રલાભની કિરણાવલી
- જાતિવિમર્શ-જાતિ પરિવર્તનાદિ વિચાર
- અખિલમણ્ડલીય સાંપ્રદાયિકમુક્તિવ્યવસ્થા

મીમાંસાશાસ્ત્રના ગ્રંથો

- મીમાંસાની અર્થસંગ્રહની કિરણાવલી
- મીમાંસામાં અંગત્વ આદિના પરિષ્કાર

આધ્યાત્મિક ગ્રંથો

- શ્રીગુણાતીતબ્રહ્મોપનિષત્
- ભક્તિરસસરિતૃઅનેક ભક્તિરસો
- પંચતત્વાનિરૂપ્ય-જીવ,ઈશ્વર,માયા તતતા,પરબ્રહ્મ,વિચાર

ધર્મશાસ્ત્ર ગ્રંથો

- શ્રીશ્વેતાયન સ્મૃતિ-ચાલુ સમયનું ધર્મશાસ્ત્ર
- જનક-સુલભા-સંવાદ : આધ્યાત્મિકજ્ઞાન સંવાદ

સાંખ્યશાસ્ત્રના ગ્રંથો

- સાંખ્યકારીકા ગ્રંથનું ભાષ્ય
- સાંખ્યતત્વકૌમુદિની કિરણાવલી
- સાંખ્યકારિકાના ગૌડપાદભાષ્યની કિરણાવલી

યોગશાસ્ત્રના ગ્રંથો

- યોગસુત્રભોજવૃતિની કિરણાટીકા
- યોગશાસ્ત્રનું ભાષ્ય

વેદાંતના ગ્રંથો

- શ્રુતિતાત્પર્ય નિરૂપિય-મુળ ગ્રંથ
- થિસ્સુજી ટિપ્પણી-ગહને સરળતા

મહામહા ઈતીહાસકાવ્ય

- શ્રીગુણાતીતોપદેશ–પાંચ પ્રકરણ
- શ્રીગોપાલાનંદદોપદેશ–આઠ પ્રકરણ
- શ્રીસ્વામિનારાયણ દર્શનશાસ્ત્ર–સમગ્રદર્શન,સૂત્ર અને ટીકા
- શ્રીસ્વામિનારાયણ વેદાંતસાર–પદ્યાર્થનિરૂપિય
- વિશિષ્ટાદ્વૈતમાં પણ વિશિષ્ટબ્રહ્માદ્વૈતતત્વ વિચાર
- શ્રીહરિવાક્યસુધાસિંધુ : મૂળ ૨૬૨ તરંગોનુ બ્રહ્મસ્સાયમભાષ્ય
- ૫૦૦૦,પૃષ્ઠોમાં મહાસાગરભાષ્ય
- સુધાસિંધુસાર સમ્દોહન – ગ્રંથાધારે તત્વપદાર્થ
- વચનામૃતપ્રામાણ્યહેતવઃ–૨૬૨ સ્તબકોમાં હેતુઓ
- સુધાસિંધુસૂત્રાણ્ડિ–૨૨૫૧ સંખ્યામાંસુત્રો
- શ્રીહરિસ્વરૂપનિરૂપ્યનુ સત્સંગભાષ્ય, પરબ્રહ્મ–માનવરૂપમાં એકતા
- સત્સંગિજીવન ૧૮૦૦૦ શ્લોક, પાંચ પ્રકરણોની સારબોધિની
- પારાયણી સંક્ષિપ્ત સંસ્કૃત ટીકા
- શિક્ષાપત્રી ૨૧૨ શ્લોકોની કિરણાવલી
- અવતાર–અવતારીપણામાં પુરાણાદિ વચનો
- ભગવતા–ભગવતીના હનુમાન આદિમાં સ્તોત્રાણી
- શ્રીહરિવચનામૃતાનિ–ભાષાંતર
- શિક્ષાપત્રી–ભાષાંતર
- પ્રભુજી કે વૃત્તાંત–જીવની
- ભક્તોકી અભ્યર્થનાએ
- આધ્યાત્મિક જ્ઞાનરંગ
- પ્રત્યક્ષ મહિમા પીયૂષ
- શરણાગતીસ્પષ્ટાર્થ–આશ્રયબલ
- પ્રકીર્ણકમાહાત્મય ઉપદેશ
- આધ્યાત્મિકભૌતિક યોગ
- વિદ્વાનો કૃત અભિનંદનાનિ–અભિનંદન ગ્રંથ
- વિદ્વાનોને પ્રત્યાભિનંદન–અભિનંદન ગ્રંથ



વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં શાસ્ત્રાર્થ દ્વારા મહાવિજય મેળવી, વિદ્વાનો તેમજ પંડિતોની મહાસભામાં સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય આચાર્યશ્રીને ધર્મગુરૂની શ્રી૧૦૦૮ ની પદવી અપાવતા શ્રીસ્વામિનારાયણ મંદિર જૂનાગઢના પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ.આચાર્ય મહારાજને ''ધર્મગુરૂ શ્રી૧૦૦૮'' ની પદવી અર્પણ કરવામાં આવી તેનો ટુંકમાં ઈતિહાસ

● વિદ્યાભૂમિ કાશીક્ષેત્રમાં વિ.સં.૧૯૯૮ માં ચૈત્ર વદી દ્વાદશીના પવિત્ર દિવસે નિર્માણ થયેલ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહિં પરંતુ ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે ૧૦૮ જેટલા મોટા વિદ્વાનો પંડિતો મહામહોપાધ્યાયોની વિશાળ મહાસભા બોલાવી શાસ્ત્રાર્થ કરી તેમાં મહાવિજય પ્રાપ્ત કર્યાબાદ તે સર્વે વિદ્વાનોને ચાંદીની રકાબીમાં એક એક પેંડો તેમજ અગીયાર અગીયાર રૂપિયા આદિક ભેટ દક્ષિણાઓ વડતાલ મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામીધર્મસ્વરૂપદાસજી તેમજ અનેક સંતો હરિભકતોની હાજરીમાં વડતાલ દેશના પૂજ્ય આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ હસ્તક અપાવી.

આ રીતે શ્રીકૃષ્ણલ્લભાચાર્યજી મહારાજે કાશીના સર્વ વિદ્વાનોનું વિશેષ સન્માન કરીને 'ધર્મગુરૂની શ્રી૧૦૦૮' ની સર્વશ્રેષ્ઠ પદવી સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદીને અપાવી. જેથી અમદાવાદ અને વડતાલ બન્ને દેશની ગાદી પર જે આચાર્ય બિરાજમાન થાય તેમના શુભ નામની આગળ 'ધર્મગુરૂ ૧૦૦૮' ની પદવી લાગે જેથી સર્વત્ર સ્થાને પૂજ્ય આચાર્યશ્રીનું વિશેષ સન્માન થાય.

નોંધ :- આ ઐતિહાસિક પ્રસંગ પહેલા સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદી પર બિરાજમાન પૂજ્ય આચાર્યશ્રીના નામ પહેલા શ્રી૧૦૮ લાગતું હતું. આ પ્રસંગ બાદ જ પૂજ્ય આચાર્યશ્રીના નામ પહેલા ધર્મગુરૂ શ્રી૧૦૦૮ ની પદવી લગાવવાની શુભ શરૂઆત થઈ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના આ મહાન યશસ્વી કાર્ય દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયના ગાદી સ્થાનની શોભામાં વિશેષ અભિવૃધ્ધિ થઈ છે. જેથી સ્વામિનારાયણ સંપ્રદાય તેમના આચાર્ય, તેના સંતો અને હરિભકતો હંમેશા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજીના કાયમ ઋણી રહેશે.



જગદ્‌ગુરૂશ્રી શંકરાચાર્યજી દ્વારા અર્પણ કરાયેલ સંસ્કૃત જગતમાં શ્રેષ્ઠ એવો ''શ્રીમહામહોપાધ્યાય''નો ઈલ્કાબ શ્રી લક્ષ્મણભાઈ ના હસ્તે સ્વીકારતા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ...

● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જન્મભૂમિ મોટી કુંકાવાવમાં વિ.સ.૨૦૩૩ ના વર્ષે દ્વારકા શારદાપીઠાધિપતિ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય શ્રીઅભિનવસચ્ચિદાનંદ સરસ્વતીજી મહારાજ શ્રીમદ્‌ ભાગવત પુરાણના એક મહામહોત્સવમાં અનેક વિદ્વાન બ્રાહ્મણો સાથે પધારેલા.

તે સમયે માગશર વદ ચોથ, શુક્રવાર તા. ૧૦-૧૨-૧૯૭૬ ના દિવસની મહાસભામાં જગદ્‌ગુરૂ શ્રીશંકરાચાર્યજીએ પ્રકાંડ પંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને સંસ્કૃત જગતનો અમુલ્ય એવો ''શ્રીમહામહોપાધ્યાય'' નો ઈલ્કાબ અર્પણ કરીને વિશાળ સભાને સંબોધતા કહ્યું હતું કે, ''અંગ્રેજ ગવર્નમેન્ટે સ્વરાજ્ય સોપવા સાથે ''શ્રીમહામહોપાધ્યાય'' નો આ ઈલ્કાબ યોગ્ય મહાન વિદ્વાનને જ આપવાનો અધિકાર અમોને શંકરાચાર્યજીને આપેલા હતા, તે આ શ્રીમહામહોપાધ્યાયનો ઈલ્કાબ છેલ્લા ત્રીસ વર્ષમાં મારા હાથે આવા અલૌકિક પરમપુરૂષને પ્રથમ વખત આપતા હું હર્ષ અનુભવુ છું. ભારત દેશ તેમજ ભારતીય સંસ્કૃત અને સંસ્કૃતિની અજોડ અને મહાન સેવા કરવા બદલ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજને યુગો યુગો સુધી ભારતની પેઢી યાદ કરતી રહેશે.''

આ રીતે એ મહાસભામાં શંકરાચાર્યજીએ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના અનેક ગુણો તેમજ કાર્યોનું વર્ણન કરી સભાજનોને મહારાજનો ખુબજ મહિમા કહ્યો હતો.

''શ્રીમહામહોપાધ્યાય''નો આ ઈલ્કાલનું પ્રમાણપત્ર અને સન્માનના પ્રતિક સ્વરૂપે અપાયેલ અન્ય પારિતોષિક પદાર્થો લઈને એ મહાસભાના પ્રતિનિધિ અને કુંકાવાવ ગામના સરપંચ શ્રી લક્ષ્મણભાઈ અનેક વિદ્વાનો, બ્રાહ્મણો તેમજ ભકતોએ જુનાગઢ આવી ત્યા મંદિરના સભામંડપમાં વિશાળ સભાનું આયોજન તા.૧૩-૧૨-૧૯૭૬ ના દિવસે કરી મહારાજને ''શ્રીમહામહોપાધ્યાય''નો આ ઈલ્કાબ અર્પણ કરી તેમનું વિશેષ સન્માન તેમજ પુજન કર્યુ હતું.





શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની મહાનતા તેમનું જીવન હતું, પવિત્રતા તેમની ભકિત હતી, ઉપાસના તેમનું જ્ઞાન હતું, દૈવત્વ તેમની પવિત્રતા હતી. તેથી આવા દૈવી પરમપુરૂષ દર્શન માત્રથી જ જીવન ધન્ય બની જતું.

માટે જ મહારાજનું આવું દિવ્ય અદ્‌ભુત તેમજ કલ્યાણકારી પવિત્ર જીવન નવી પેઢી માટે નૈતિક તેમજ ધાર્મિક સંસ્કારો માટે તેમજ જીવન ઘડવા માટે ત્યાગી સંત અને મુમુક્ષ ગૃહસ્થ બન્ને માટે જબરદસ્ત પ્રરાણાદાયક તેમજ દ્રષ્ટાંતરૂપ છે.



● એકજ દ્રષ્ટિએ કોઈપણ વ્યકિતના મન કે આત્માને આકર્ષિત કર્યા વિના ન રહે એવું સ્વયં ભગવાનની મૂર્તિ સમાન આ ''શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ''ના આ મનોહર અતિ તેજસ્વી દિવ્ય યુવાન સ્વરૂપના દર્શન કરી અનેક જીવાત્માઓ પોતાના આત્મામાં શાંતિ અનુભવતા.



● વૃધ્ધાવસ્થામાં પણ ''પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ''ના હંમેશા મંદહાસ્યભર્યા તેજસ્વી મુખારવિંદના દર્શનથી અનેક વિદ્વાનો- સંતો- ભકતો તેમજ જ્ઞાની-અજ્ઞાની વ્યકિત પણ પોતાના આત્મામાં શાંતિની સાથે ધન્યતાનો અનુભવ કરતા.

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે
સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી પ્રાપ્ત કરેલ ડિગ્રી સર્ટીફીકેટોના દર્શન
























● પ્રસિધ્ધકર્તા : શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી (જુનાગઢધામ)



• શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના જમણા હાથમાં સ્વસ્તિક, ધનુષ, બાણ, મત્સ્ય, ધ્વજ, તેમજ આંગળીઓમાં ચક્ર અને શંખ આદિક દિવ્ય ચિહ્નો હતા. જેના સાક્ષાત દર્શન અનેક હરિભકતોએ કર્યા છે.

સામુદ્રિક શાસ્ત્રમાં શિવપાર્વતીના સંવાદમાં વર્ણન છે કે, ''જીવાત્માનું આત્યંતિક કલ્યાણ ઇચ્છતા મનુષ્યએ અનેક ચિહ્નોને ધારણ કરનારા શ્રીપરનારાયણને ઓળખી તેની શરણાગતિ સ્વિકારીને સેવા, ભકિત કરવી.'' માટે જ અનેક ભકતોએ મહારાજમાં પરનારાયણના અનેક ચિહ્નોના સાક્ષાત દર્શન કરી તેમની ઉપાસના કરી આલોક પરલોકમાં મહાસુખીયા થાય છે.



● શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજના બન્ને ચરણારવિંદમાં ઉર્ધ્વરેખા સહિત કુલ ૩૫ દિવ્ય ચિહ્નો હતા. તેમજ આ સિવાય એમના શરીરમાં બીજાપણ અનેક દિવ્ય ચિહ્નો હતા. જેના સાક્ષાત્ દર્શન અનેક ભકતોએ કર્યા છે. (શ્રીલક્ષ્મીનારાયણ સંહિતામાં તેમજ અભિનંદનગ્રંથમાં મહારાજના તમામ ચિહ્નોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.)

સામુદ્રિક શાસ્ત્રમાં શિવપાર્વતીના સંવાદમાં એવું વર્ણન છે કે, "નારાયણના અંશ જ્યારે માનવરૂપે પ્રગટે છે ત્યારે એક, બે કે ત્રણ ચિહ્નોને ધારણ કરનારા હોય છે, પરંતુ અનેક ચિહ્ને ધારણ કરનારા સ્વયં શ્રીપરનારાયણ જ હોય છે." માટે જ મહારાજનો શિષ્ય ભકત સમુદાય ચિહ્નોના આધારે તેમને પરબ્રહ્મ પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણ માની તેમની શરણાગતિ સ્વીકારી સેવા, પુજા, ભકિત કરી કરી પોતાના જીવાત્માનું અત્યંતિક કલ્યાણ કરે છે.

ॐ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ નાં દિવ્ય કલ્યાણકારી ચિહ્નોનાં દર્શન ॐ





સુર્ય

સ્વસ્તિક

ચક્ર

ત્રણ-ત્રણ ચાંદલારૂપે ચાંદુ

ઊર્ધ્વરેખા

ઉડતો હંસ

કળશ

વ્યોમ

ત્રાંબુ

શંખ

કમળ

પર્વત

આભા મંડળ

પીપળપાન

ચતુષ્કોણ

તુલસી મંજરી

જવ

કલ્પલતા

ધનુષ્યબાણ

તિલ

ખારેકીયો બોર

ધજા

મત્સ્ય આકારે મસો

યજ્ઞકુંડ

ગોપદ

છડી

છત્ર

નાગરવેલી પત્ર

ત્રિવળી

વહાણ

ત્રિપત્ર

અષ્ટકોણ

શિખર

ગદા

બેવડી ધજા

કેરીનું ફળ

ઉજળો તારો

ત્રિશૂળ

મુદ્ગર

વજ્ર

અંકુશ

શ્યામ લાખું

પદ્મ

લંબગોળ ચંદ્રક

લક્ષ્મીજી

ત્રિકોણ

વીજળી

ખાંપો

છ ચાંદલાવાળો લાડવો

શ્રી વત્સ

ત્રિકોણ

ચક્રગર્ભિત કમળ





બંગલો

કચ્છપ

મત્સ્ય

આ રીતે અનાદિશ્રીકૃષ્ણનારાયણની મુર્તિમાં અનેક ચિહ્નો હતા... (લી. કે.પી.સ્વામી જુનાગઢ)

॥ પ્રગટ ભગવાન અનાદિ શ્રીકૃષ્ણનારાયણ - શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ ॥

જન્મ પ્રાગટ્ય તા. ૨૧-૧૦-૧૯૦૫ આસો વદ આઠમ , શનિવાર , વિ.સં. ૧૯૬૧
પરમધામ ગમન તા. ૨૮-૨-૧૯૮૬ મહાવદ ચોથ, શુક્રવાર, વિ.સં. ૨૦૪૪
(મહારાજ પૃથ્વી પર રહ્યા : ૮૧ વર્ષ ૪ માસ અને ૯ દિવસ)

(૧) ૧૨ વર્ષ, ૦૫ માસ, ૦૩ દિવસ : પ્રગટ શ્રીહરિ બાલકૃષ્ણ પ્રભુ અનેક દિવ્ય એવી બાળલીલા કરતા કુમકુમવાપીમાં વિચર્યા છ છ ગુજરાતી ભણી લીધી હતી.

(૨) ૦૬-વર્ષ, ૦૩-માસ, ૨૬-દિવસ : જેતપુર, જૂનાગઢ, વડોદરા, વડતાલ આદિ સ્થળોએ વિચર્યા અનેક ભક્તોને દિવ્ય દર્શન, ચમત્કાર આપ્યાં, સંસ્કૃત અભ્યાસ ચાલુ.

(૩) ૧૫-વર્ષ, ૦૯-માસ, ૧૪-દિવસ : કાશીમાં ભણ્યા સમગ્ર વિશ્વમાં શાસ્ત્રો રચ્યા, મૂર્તિ પ્રતિષ્ઠાઓ, મહોત્સવો કર્યા, જાહેર વ્યાખ્યાનો આપી બધાને મંત્રમુગ્ધ કર્યા.

(૪) ૦૩-વર્ષ, ૦૨-માસ, ૨૪-દિવસ : જેતપુર રહ્યા, દેશોમાં તિર્થોમાં ફરી જાહેર કથાઓ, સપ્તાહ પારાયણો કરી અનેક જીવાત્માઓને કંઠી બાંધી શરણાગતિ કર્યા.

(૫) ૦૨-વર્ષ, ૦૦-માસ, ૦૦-દિવસ : જૂનાગઢ દેશમાં વિચરણ કર્યું સર્વ તિર્થોમાં ફર્યા.
(૬) ૦૬-વર્ષ, ૦૭-માસ, ૨૦-દિવસ : જામનગર રહી મંદિર જિર્ણોદ્ધાર, સભા મંડપના પાયા નંખાવ્યા, ઉતારાના મકાનોનું કામકાજ ચાલુ કરી, પારાયણ કથાઓ કરી ગામડે ગામડે ફરી સત્સંગ કરાવ્યો, શરણાગતિઓને સુખી કર્યા.

(૭) ૦૧-વર્ષ, ૧૧-માસ, ૧૬-દિવસ : રાજકોટ મંદિર પૂરું કરી મૂર્તિ પ્રતિષ્ઠાઓ કરી, યજ્ઞ, કથા પારાયણો કરી ભક્તોને દિવ્ય સુખ આપ્યા.

(૮) ૦૯-વર્ષ, ૦૭-માસ, ૦૯-દિવસ : જામનગર રહી સભા મંડપ, પ્રદક્ષિણાઓ, ઉતારા મકાનોના કામકાજ પૂરા કરાવ્યા, દેશ-પરદેશે અખંડ સુખ ભક્તોને આપ્યા.

(૯) ૦૧-વર્ષ, ૦૮-માસ, ૦૬-દિવસ : જામવંથલી રહ્યા, મંદિરમાં સપ્તાહ કથાઓ, સભાઓ કરી, ફુલવાડી મંદિરમાં મંદિર મકાનનું કામકાજ કરાવી નિજ સેવકોના મનોરથ પૂર્યા.

(૧૦) ૨૧-વર્ષ, ૦૯-માસ, ૦૯-દિવસ : જૂનાગઢ મંદિરનું પ્રમુખપદ સ્વીકારી ગુણાતિતાનંદ સ્વામી સભામંડપના જિર્ણોદ્ધાર માટે દેશ-પરદેશમાં વિચરી કથાઓ કરી, ફાળો એકઠો કરી કામ કરાવ્યા, અસંખ્ય જીવોનો ઉદ્ધાર કર્યો, ૧૫૦ વર્ષનો પાટોત્સવ તથા ગુણાતિત દ્વી-શતાબ્દિ મહોત્સવ કરાવ્યો, શરણાગતિ ભક્તોને અઢળક ઢળી અપાર સુખ આપ્યાં.

કુલ : ૮૧-વર્ષ, ૪-માસ, ૯-દિવસ : ૨૯૭૨૨
પ્રગટ ભગવાને આ પૃથ્વી ઉપર વિચરણ કર્યું

● શ્રીહરિશરણાગતિ મંડળના ભકતો માટે ખુશ ખબર ●

પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણે હયાતિમાં સ્વમૂખે પોતાના ઘણા મુકત ભકતોને કહ્યું હતું કે, ભવિષ્યમાં અતિકૃપા કરી અમે અમારી મૂર્તિમાંથી એવું પ્રગટ ભગવાનપણું બતાવીશું, એવા ઐશ્વર્ય ચમત્કાર બતાવીશું કે, જગત આખું દેશ-વિદેશથી અમારા તિર્થોના મંદિરોમાં દર્શને આવશે અને અમારી કૃપાથી આલોક તેમજ પરલોકમાં મહાસુખીયા થાશે.

મહારાજની આ ભવિષ્યવાણીને ધ્યાનમાં રાખતા, ભવિષ્યમાં પ્રગટ ભગવાનના આશ્રિત થનારા અનંત જીવાત્માઓને મહારાજની આજ્ઞા અને ઉપાસનાનું અનુસંધાન રહે તે માટે મહારાજની કર્મભૂમિ જૂનાગઢધામથી મહારાજના અનેક પ્રકારના નૂતન સાહિત્યોનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આજના ટેકનોલોજીના ઇન્ટરનેટના યુગમાં દેશ-વિદેશમાં વસતા અનેક લોકો પોતાના મોબાઇલ તેમજ કોમ્પ્યુટરમાં પણ મહારાજના શાસ્ત્રો તેમજ ઓડીયો તેમજ વિડીયો સાહિત્યનું તદ્ન ફ્રીમાં લાભ લઇ શકે તેવા શુભ હેતુથી મહારાજના નામથી વેબસાઇટ, યુ-ટયુબ ચેનલ તેમજ ગુગલ એપ્લીકેશન પણ લોન્ચ કરવામાં આવી છે.

શ્રીહરિશરણાગતિમંડળના વિકાસ માટે નિસ્વાર્થ ભાવે મહારાજ તેમજ મુકત ભકતોને રાજી કરવા માટે આ ભગીરથ પ્રયાસ કરવામાં અમને ખુબ જ સારી સફળતા મળી છે અને મળતી રહેશે. - કે.પી.સ્વામી, જૂનાગઢ.

નોંધ : અનાદિશ્રીકૃષ્ણનારાયણના દિવ્ય દેહના અગ્નિસંસ્કારની શ્વેતાયનબાગની પવિત્રભૂમિ પર ભવિષ્યમાં મહારાજના સંકલ્પ પ્રમાણે શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવામાં આવશે.



અનાદિશ્રીકૃષ્ણનારાયણ સંપ્રદાય-શ્રીહરિશરણાગતિમંડળના વિકાસ માટે
જૂનાગઢધામથી શ્રીકૃષ્ણપ્રકાશસ્વામી દ્વારા પ્રકાશિત થયેલા
પ્રગટ ભગવાનના કલ્યાણકારી નૂતન શાસ્ત્રો
તેમજ ઓડીયો વિડીયો સીડીની માહિતી નીચે પ્રમાણે છે.



(૧) પ્રગટના દિવ્ય પ્રસાદી પત્રો (ભાગ-૧,૨)
(૨) પ્રગટના ૧૦૦૦ મહામંત્રો
(૩) પ્રગટ ભગવાનના પરચા (ભાગ-૧)
(૪) પ્રગટના દિવ્ય ઉપદેશો
(૫) પ્રગટનું કવચ-બ્રહ્મસર-વ્યપોહનસ્તોત્ર
(૬) અભિનંદન ગ્રંથ (ગુજરાતી)
(૭) પ્રગટની નિત્યપૂજા-મહિમા-ઉપદેશ
(૮) શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા (સારાંશ)
(૯) પ્રગટના લીલાચરિત્રોનો ફોટો આલ્બમ
(૧૦) પ્રગટ ભગવાન રચિત ૫૭ શાસ્ત્રો

(૧) પ્રગટ ભકિત પિયુષ (Video D.V.D.)
(૨) નિત્યપૂજા (MP3 Audio)
(૩) પ્રગટના ૧૦૦૦ મહામંત્રો (MP3 Audio)
(૪) શ્રીશ્વેતાયન સ્મૃતિ (MP3 Audio)
(૫) પ્રગટના દિવ્ય દર્શન (Video D.V.D.)
(૬) પ્રગટના કિર્તનો (MP3 Audio)
(૭) પ્રગટના રાસ (MP3 Audio)
(૮) પ્રગટની ધુન (MP3 Audio)
(૯) પ્રગટના મહોત્સવો (Video D.V.D.)
(૧૦) પ્રગટની પરાવાણી (MP3 Audio)

અન્ય પ્રકાશનો - કંઠી, માળા, ગૌમુખી, મૂર્તિ લોકેટ, છ મૂર્તિઓ, મંત્ર સ્ટીકર, મૂર્તિ સ્ટેન્ડ, શાસ્ત્રો, સીડી, પેનડ્રાઇવ, પૂજાપેટી, અખંડ મંત્ર મશીન.

ભકતોને વિનંતી : પ્રગટ ભગવાનના રચેલા મહાપ્રસાદીના દરેક ૫૭ શાસ્ત્રો પણ જે ભકતોને ઘરે દર્શન કે સેવા પુજા માટે વસાવવા હોય તેઓને જુનાગઢ ઓર્ડર નોંધાવવા વિનંતી.

નોંધ : પ્રગટ ભગવાનનું આ તમામ નૂતન સાહિત્ય શ્રી કે.પી. સ્વામી Mo. 9974362108 પાસેથી મળશે.
ખુશ ખબર - મહારાજની તમામ ઓડીયો-વિડીયો સીડી તેમજ નૂતન સાહિત્ય હવે પેનડ્રાઇવમાં પણ મળી શકશે.
તેમજ યુટયુબ અને ગુગલ પ્લેટસ્ટોરમાં પણ જોઇ શકાશે.

● JOIN OUR SOCIAL MEDIA & GET LATEST UPDATE ●

WEB
Anadishreekrushnnarayan.com

YOUTUBE
ANADI SHRI KRUSHNANARAYAN

FACEBOOK
Paramdham Sannstha

WHATS APP
K.P. SWAMI - 99743 62108



GMAIL
KPSWAMI108PASS@GMAIL.COM

GOOGLE PLYA STORE
ANADI SHRI KRUSHNANARAYAN

INSTAGRAM
ANADI SHRI KRUSHNANARAYAN

TWITTER
K.P. SWAMI - 99743 62108